અપીલ અરજી નં.૧૬૮ તા.૧૩–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વી.ડી.રાણા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વી.ડી.રાણા ની તા.૭–૬–૧૧ની અરજીથી ૩/૩૬૮૦ પૂર્વ ન.ગો.કો. સ્ટોર્સ લી. ના મકાનની મિલ્કત આકારણી સીટી સર્વે વેચાણ રજીસ્ટરની મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૬૮/૨૦૧૧–૧૨

શ્રી વી.ડી.રાણા ની તા.૭–૬–૧૧ની અરજીથી ૩/૩૬૮૦ પૂર્વ ન.ગો.કો. સ્ટોર્સ લી. ના મકાનની મિલ્કત આકારણી સીટી સર્વે વેચાણ રજીસ્ટરની મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે અમુક માહિતીઓનો પ્રતિભાવ મળેલ નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૩– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/પ૨૯ તા.૨૬–૭–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમની મુળ અરજીથી ,માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત અપીલમાં જણાવેલ ન હોઈ તે મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૨૨૭ તા.૬–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૬૧ તા.૯–૬–૧૧ થી ટાઉન પ્લાનર અને સીટી સર્વે સુપ્રિ., નાનપુરા, સુરતને તબદીલ કરેલ પત્રની નકલ, ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી અરજદારને માહિતી પૂરી પાડવા દસ્તાવેજ ફી ના નાણા ભરપાઈ કરવા સમય મર્યાદામાં જણાવતા પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૧૪૩ તા.૨૭–૬–૧૧ ના પત્રની નકલ, શ્રી નવાપુરા ગોલવાડ કો.ઓ. સ્ટોર્સ લી. ની તા.૩૦–૧–૯૭ ની અરજીથી નકલ, નગર નિયોજક તરફથી નાયબ નગર નિયોજક નગર નિયોજન અને મૂલ્યાંકન ખાતુ સી/બ્લોક બહુમાળી , નાનપૂરાને પાઠવેલ પત્ર નં.ટીપીડી/આ.નં.૨૬૦ તા.૮–૪–૦૮ ના પત્રની નકલ, તા.પ–૪–૨૦૦૨ ના કબ્જા રસીદની નકલ, ડાયરેકટર ઓફ પ્લાનીંગે જનરલ સેક્રેટરી ન.ગો.કો.સ્ટોર્સ લી. ને પાઠવેલ પત્ર નં.ટીપીડી/આ.નં.૩૦૦૯ તા.૨૫–૭–૦૮ ના પત્રની નકલ, નગર નિયોજકે ટીપીડી/આ.નં.૮૦૦૬ તા.૭–૩–૦૯ ના રોજ અંતિમ યાદ પત્રના પાઠવેલ પત્રની નકલ, અરજદારને તેમની તા.૩૦–૬–૧૧ ની અરજી બાબતે આપેલી માહિતી અંગે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૧૯૨ તા.૧૮–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૫૯ તા.૮–૮–૧૧ ના પત્રની નકલ પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની વિગત તા.૬–૮–૧૧ ના રોજ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૭–૬–૧૧ ની અરજીથી ૩/૩૬૮૦ પૂર્વ ન.ગો.કો. સ્ટોર્સ લી. ના મકાનની મિલ્કત આકારણી સીટી સર્વે વેચાણ રજીસ્ટરની મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત જણાવી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૬૧ તા.૯–૬–૧૧ થી ટાઉન પ્લાનર (ટાઉન પ્લાનીંગ વિભાગ) અને સીટી સર્વે સુપ્રિ., નાનપુરા, સુરતને તબદીલ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૪૩ તા.૨૭–૬–૧૧ થી સમય અવધિમાં અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ખાતાના સંદર્ભ પૈકીના મુદ્દાઓ અન્વયે કુલ ૭ પેજના પ્રતિ રૂા.૨/– લેખે રૂા.૧૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૩૫૯૫૨૫ તા.૩૦–૬–૧૧ થી રૂા.૧૪/– ભરપાઈ કરી નકલ મેળવેલ હોવાનું જણાવી નીચે સહી કરેલ નકલ અત્રે રજૂ કરેલ છે. જે બાબતે અમુક માહિતીનો પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી અરજદારે તા.૭–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૭૫૯ તા.૮–૮–૧૧ ના રોજ સમય અવધિ બાદ મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની મુદ્દા નં.૧ ૩/૩૬૮૦ પૂર્વ ન.ગો.કો. સો. લી. ના મકાનનું સીટી સર્વે હાલમાં વેચાણ રજીસ્ટર કરારથી થયું છે જેમાં દિવ્ય કન્સલ્ટને વેચાણ રજીસ્ટર કરારની સહી સિકાકાવાળી નકલો મેળવવા પુરાવા સાથે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/જાવક નં.૩૬૧ તા.૯–૬–૧૧ ના રોજ સીટી સર્વે સુપ્રિ.શ્રીને બહુમાળી નાનપુરાને અરજી તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) ૩/૩૬૮૦ પૂર્વ ન.ગો.કો. પ્રા.સ્ટોર્સ લી. નો પ્રમુખ તથા ઓનેરરી સેક્રેટરીએ તમારે ત્યાં જમીન કયા હેતુ માટે લીધેલ તે લેટર લખેલ તે લેટરની ઝેરોક્ષ નકલ સહી સિકકાવાળી મેળવવા મા. કા–૨૦૦૫ મુજબ (ન.ગો.કો.સ્ટોર્સ.લી. વાળાએ) . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીસદર બાબતે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/જાવક/૩૬૧ તા.૯–૬–૧૧ ના રોજ ટાઉન પ્લાનરશ્રી સુરત મહાનગરપાલિકાને અરજી તબદીલ

કરેલ છે. જે અંગે ટાઉન પ્લાનરશ્રી તરફથી આપેલ માહિતી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૧૪૩ તા.૨૭–૬–૧૧ થી તા.૩૦–૧–૯૭ ની સદર પત્રની નકલ આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) ડાયરેકટર ઓફ પ્લાનીગ લેટર નં.ટીપીડી/આ.નં.૩૦૦૯ તા.૨૫–૭–૦૮ લેટર તમોએ ૩/૩૬૮૦ પૂર્વ ન.ગો.કો. સ્ટોર્સ લી. ને મોકલેલ તેનો કોઈ જવાબ આપ્યો તેમજ કેતન એચ. પટેલ એડી.સીટી ઈજનેરનો લેટર સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૩૪ તા.૨૬–૮–૧૦ તેમાં કયા વ્યકિતઓ ભોંય તળીયામાં તથા ૧ થી ૩ માળનું આરસીસી રેસીડન્ટ તરીકે ઉપયોગ કરે છે કેટલા રૂપિયા ભાડા તરીકે તેની તેમજ તા.૨૫–૭–૦૮ ના લેટર ન.ગો.કો. સ્ટોર્સ લી. વાળાએ જવાબ આપ્યો હોય તેની સહી સિકકાવાળી ઝેરોક્ષ નકલો મેળવવા પુરાવા સાથે (મા.કાયદા ૨૦૦૫ મુજબ) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીસદર બાબતે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/જાવક/૩૬૧ તા.૯–૬–૧૧ ના રોજ ટાઉન પ્લાનરશ્રી સુરત મહાનગરપાલિકાને અરજી તબદીલ કરેલ છે. જયારે સેન્ટ્રલઝોનના પત્ર નં.આરટીઆઈ/આ.નં.૭૩૪ તા.૨૬–૮–૧૦ ના અનુસંધાનમાં ન.ગો.કો. સ્ટોર્સ લી વાળાએ જવાબ આપ્યો હોય તેવો કોઈ રેકર્ડ સેન્ટ્રલઝોન ખાતે ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ નગર નિયોજક સુરતનો શ્રી કચેરી પત્રક ક્રમાંક ટીપીડી/આર/ ૨૬૦ ના તા.૯–૪–૦૮ રૂા.૨૮૨૦૦ ની શરતે જમીન વેચાણ આપવા નકકી કરેલ તે પત્રનો ત્યાં અંતિમ યાદ પત્ર ૪ નં.ટીપીડી/આર/૮૦૦૬ તા.૭–૩–૦૯ માં જગ્યાના વેલ્યુસેન ફીઝ ભરવા જણાવેલ તે ભરી હોય તો તેની પહોચની રસીદની તથા તેમાં દિન–૩ માં (ત્રણ) મુદત આપયેલ તે શું થયું તે તમામની સહી સિકકાવાળી નકલો મેળવવા મા.કા. ૨૦૦૫ મુજબ તથા બાંધકામ પરવાની રદ કરવા માટે શું કર્યુ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીસદર બાબતે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/જાવક/૩૬૧ તા.૯–૬–૧૧ ના રોજ ટાઉન પ્લાનરશ્રી સુરત મહાનગરપાલિકાને અરજી તબદીલ કરેલ છે. જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પીએન્ડડી) ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૧૪૩ તા.૨૭–૬–૧૧ થી તેમને તબદીલ કરેલ અરજી સંદર્ભે અરજદારને તેમના ખાતાને લગતી માહિતી પૈકીના મુદ્દાઓ અન્વયે સાત પેજની નકલો પ્રતિ રૂા.૨/– પ્રમાણે રૂા.૧૪/– ભરપાઈ કરી મેળવવા જણાવેલ. જે અરજદારે રસીદ નં.૩૫૯૫૨૫ તા.૩૦–૬–૧૧ ના રોજ ભરપાઈ કરી સદર નકલ મળ્યાની સહી કરેલ નકલ અત્રે રજૂ કરેલ છે.પરંતુ તેમાં અરજદારે અંતિમયાદ પત્ર ટીપીડી/આર/૮૦૦૬ તા.૭–૩–૦૯ થી જગ્યાના વેલ્યુએસન ફોર્મ ભરવા જણાવેલ અને તે ભર્યુ હોય તો તેની રસીદ અથવા તો તે અંગે શું કાર્યવાહી થઈ તેની માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. મુદ્દા નં.(૫) તા.૨૯–૫–૧૦ અરજદારે કે.સી. રાણા (એડવોકેટ) આકારણી ખાતે નાગરીક સુવિધા કેન્દ્ર મારફત એક અરજી આપેલ તેનો આજ દિન સુધી કોઈ જવાબ કેમ આપ્યો નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૩/૩૬૮૦ પૂર્વ નવાપૂરા ગોલવાડ કો.ઓ. સ્ટોર્સ લી. ના મકાન બાબતે તા.૨૯–૫–૧૦ ના રોજની અરજી સંદર્ભે મિલ્કતમાં દિપકભાઈ નવીનચંદ્ર તથા અજયકુમાર નવીનચંદ્રનો ભાડુત તરીકે નહીં પરંતુ માલીકી હકકે કબ્જો હોય તેઓ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે આકારણી દફતરે તેઓનું નામ દાખલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) ન.ગો.કો. સ્ટોર્સ લી. ની અનાજ વિતરણ કરવાની દુકાન નવાપુરા, ગોલવાડ કણબીશેરી સોમનાથ મહાદેવ મંદિરે આવેલ છે તેના વેરાબીલો ૨૦૦૪,૨૦૦૫, ૨૦૦૬,૨૦૦૭,૨૦૦૮ , ૨૦૦૯, ૨૦૧૦ ,૨૦૧૧ સુધીનાની સહી સિકકાવાળી નકલો મેળવવા વેરાબીલોની. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નવાપરા ગોલવાડ કો.ઓ. સ્ટોર્સ લી. ની અનાજ વિતરણ કરવાની દુકાન નવાપરા ગોલવાડ કણબીશેરી વોર્ડ નં.૩/૩૪૩૨ થી નોંધાયેલ મિલ્કત નિર્મળાબેન વસંતલાલ જરીવાળાને નામે નોંધાયેલ છે જેના સને ૨૦૦૪ થી ૨૦૧૦ ના વેરાબીલો અંગે કોમ્પ્યુટરાઈઝ પાર્ટીસ્ટેટસ નંગ–૨૧ ના રૂા.૪૨/– ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. અરજદારને નાણા ભરવા સમય અવધિ બાદ જણાવવામાં આવેલ હોય સદર માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) ની જોગવાઈ અનુસાર પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૭ એસએમસી સેન્ટ્રલઝોને ૫–૪–૨૦૦૨ માં જમીન વેચાણ રૂા.૬૦૩૦૦ આપેલ તે કયા હેતુ માટે આપેલ? તે જગ્યા અરજદાર વેચાણ કરી શકે? તે જગ્યા આરસીસીની ભોંયતળીયું ત્યાં ૧ થી ૩ માળનું બાંધકામ કઈ સાલમાં થયું તેની તમામ વિગતોની સહી સિકકાવાળી નકલો મેળવવા મા.કા. ૨૦૦૫ મુજબ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૩/૩૬૮૦ પૂર્વના બાંધકામ અંગે સેન્ટ્રલઝોનના રેકર્ડની ચકાસણી કરતાં માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.જયારે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ કક્ષાએથી આપેલ નકલમાં જમીન માંગણી હેતુના પત્રનો સમાવેશ થતો જણાય છે. મુદ્દા નં.૮ આપણે ત્યાં પાકો દસ્તાવેજ બન્યો ન હોય અને તે જમીન વેચાણ જમીન વેચાણ કરાર રજીસ્ટરથી વેચી શકાય ખરી? તેની માહિતી લેખિતમાં મેળવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૬૧ તા.૯–૬–૧૧ ના રોજ સીટી સર્વે સુપ્રિ.શ્રીને અરજી તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ એસએમસી સેન્ટ્રલઝોન આકારણી તથા વેરા ખાતાએ જણાવવાનું કે મે નામ ટ્રાન્સફર કરવા ત્યાં નવા નામો આપને ત્યાં ચઢાવ્યા માટે રૂા.૨૫/ નું ફોર્મ નં.૧૩૩૦૩ તા.૧૧–૩–૧૧ એફીડવીટ સોંગધનામા રૂા.૨૦ ના સ્ટેમ્પને ૧૯ –અ–અ ૫૫૩૪૮૪ રજીસ્ટર નં.૫૭,૫૮ તા.૨૨–૧૨–૮૦ ત્યાં વેરાબીલ ભર્યાની રસીદ સીટી સર્વેની નકલ તેમજ નિ.વ. જરીવાળાનો મરણ દાખલા સાથે કરેલ તેનો આજ દિન સુધી કોઈ જવાબ મારા નામે વસંતલાલ દલપતરામ જરીવાલા રહેવાસી ૨/૧૩૮૭ ના સરનામે આજ દિન સુધી નામ ચઢયા કે વેરાબીલની પણ નકલો મોકલવામાં નથી આવી જેથી વેરાબીલમાં જત આકારણી ખાતે નામ ટ્રાન્ફસર કરી નવા નામ ચઢાવવા તેમજ કાર્યવાહી નથી કરી તેની તમામ માહિતી સહી સિકકાવાળો નકલો મેળવવા તથા વેરાબીલમાં પણ નામે ચઢાવવું આકારણી બીલમાં નામ ચઢયાનું તેની ઉપરના સરનામે મોકલવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુમપાના સેન્ટ્રલઝોન આકારણી વિભાગમાં વોર્ડ નં.૩/૩૪૩૨ થી નોંધાયેલ મિલ્કતમાં વસંતલાલ દલ પતરામનું નામ વેરાબીલમાં દાખલ કરવા કરેલ અરજી સાથે રજૂ કરેલ એફીડેવીટ પેઢીનામાનાં આધારે નામ દાખલ કરવામાં આવેલ નથી. પરંતુ સીટી સર્વે રેકર્ડ ઉપર સદર નામ દાખલ કરવાની તેની નકલ રજૂ કર્યેથી મિલ્કતના વેરાબીલમાં નામ દાખલ થઈ શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૦ દિવ્ય કન્સલ્ટને વાર્ષિક અહેવાલ ૧–૪–૧૦ તા. તા.૩૧–૩–૧૧ ૬૮ માં

વેચાણ કરી દીધી છે ( કરાર રજીસ્ટર વેચાણથી) ૩/૩૬૮૦ પૂર્વની આરસીસીનું તો તેમણે આકારણી તથા વેરાનામ ટ્રાન્સફર થયા હોય તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/જાવક/૩૬૧ તા.૯–૬–૧૧ ના રોજ સીટી સર્વે સુપ્રિશ્રીને અરજી તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. આકારણી કે વેરા ટ્રાન્સફર થયા તેની માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતેથી અપાયેલ જણાતી નથી. મુદ્દા નં.૧૧ ૩/૩૪૩૨ નિર્મલાબેન વસંતલાલ જરીવાલાના નામે મિલ્કત છે પણ અમારો કબ્જાનો ઉપરનો માળ અમોએ વેચાણ લીધેલ ત્યારથી બંધ છે તો અમારે કોઈ વપરાશ નથી તેના માટે શું કાર્યવાહી કરવી તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૩/૩૪૩૨ નિર્મળાબેન વસંતલાલ જરીવાળાની માલીકીની મિલ્કતમાં આવેલ બીજો માળ બંધ હોય કે વપરાશ હેઠળ હોય મ્યુ. ટેક્ષમાં કોઈ ફેરફાર થતો નથી જેથી મિલ્કત બંધ હોવાથી વેરો સંપૂર્ણ પણે રદ થતો નથી. તેવું જણાવેલ છે.

આમ જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧,૮ અને ૧૦ અત્રેના સત્તા મંડળ બહાર લાગત સત્તા મંડળને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ છે. જયારે અન્ય મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧૦ આંશિક સિવાયની માહિતી અત્રેના સત્તા મંડળ હેઠળના જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે પરંતુ જેમાં મુદ્દા નં.૪ ની માહિતી ટાઉન પ્લાનીંગ તરફથી પૂરી પડાયેલ ન હોય તેમના ટીપીડી/આર/૮૦૦૬ તા.૭–૩–૧૧ ના પત્ર સંદર્ભે થયેલ કાર્યવાહીની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે. તેમજ મુદ્દા નં.૬ અંગે સમય અવધિ બાદ માહિતી પૂરી પાડેલ હોય તેની નકલો આરટીઆઈ એકટની ૭(૩) ની જોગવાઈ અનુસાર પૂરી પાડવાની રહે. તથા મુદ્દા નં.૧૦ આંશિક તેવા વેચાણ કરારથી આકારણી નામ ટ્રાન્સફર થયેલ–નહીં થયાની હકીકતલક્ષી દફતરી વિગત ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ધ્વારા પૂરી પાડવી રહે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૭–૬–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ ની જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૬ અંગે દસ્તાવેજ ફી ભરવા જણાવેલ પત્ર સમય અવધિ બાદનો તેમજ મુદ્દા નં.૧૦ આંશિકની આકારણી વેરા નામ તબદીલી અંગેની દફતરી વિગતેથી માહિતી હોય તેની નકલો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) ....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી વી.ડી.રાણા